પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૧૫૧ | ૧૦ ઓગસ્ટ, ૨૦૧૭, ગુરૂવાર ; શ્રાવણ વદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# મહારાષ્ટ્રમાં મરાઠા અનામત આંદોલન

**આંદોલનનો મામલો બેકવર્ડ કલાસ કમિશનને મોકલવા નિર્ણય : ઓબીસી વિદ્યાર્થીઓને મળતી તમામ સુવિધાઓ અને છુટછાટ હવે મરાઠા સમુદાયના વિદ્યાર્થીઓ આપવાની જાહેરાત : દરેક જિલ્લામાં મરાઠા હોસ્ટેલ**



મુંબઈ,તા. ૯

મરાઠા સમુદાયના લોકો દ્વારા જોરદાર શક્તિ પરીક્ષણ કરીને દેખાવો કરવામાં આવ્યા બાદ મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસે તેમની માંગણી ઉપર સહમતિ દર્શાવી હતી. દેવેન્દ્ર ફડનવીસે કેટલીક મોટી જાહેરાતો કરી હતી. સરકારે સીધીરીતે અનામતની માંગને સ્વીકારી નથી પરંતુ આ દિશામાં આગળ વધીને કેટલાક મહત્વપૂર્ણ પગલાની વાત કરી હતી. મુખ્યમંત્રીએ વિધાનસભામાં કહ્યું હતું કે, મરાઠા અનામતની માંગને બેકવર્ડ ક્લાસ કમિશનને સોંપી દેવામાં આવી છે જે મરાઠાઓને અનામત આપવાના આધાર અને શકયતાઓમાં અભ્યાસ કરશે. મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, સરકાર કમિશનને નિવેદન કરશે કે તે ઝડપથી કામ કરે અને પોતાનો રિપોર્ટ હાઈકોર્ટમં રજૂ કરે. આ ઉપરાંત અન્ય એક મોટી જાહેરાત કરતા ફડનવીસે કહ્યું હતું કે, શિક્ષણના મામલામાં મરાઠા સમુદાયના બાળકોને એ તમામ સુવિધાઓ અને છુટછાટ આપવામાં

● અનુસંધાન પાન-૭ પર

## ડોનાલ્ડ ટ્રમ્પની પુત્રી ઈવાન્કા ભારત આવવા માટે તત્પર

**મોદીના આમંત્રણ પર ઇવાન્કા નવેમ્બરમાં આવશે : ગ્લોબલ સમિટમાં ભાગ લેશે : મોદી પણ ઉપસ્થિત રહેશે**



વોશિંગ્ટન,તા. ૯

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની પુત્રી અને સલાહકાર ઈવાન્કા ટ્રમપ નવેમ્બર માસમાં ભારત આવવા માટે ઉત્સુક છે. ઈવાન્કા ગ્લોબલ સમિટમાં સામેલ થવા આવી રહી છે. આ સમિટમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ ભાગ લેનાર છે. ઈવાન્કા નવેમ્બર મહિનાના અંત સુધીમાં ભારત પહોંચી શકે છે. તે હૈદરાબાદમાં પહોંચનાર છે. ભારતમાં આઠમી વખત સમિટનુ આયોજન કરવામાં આવી રહ્યુ છે. જુન મહિનામાં નરન્દ્ર મોદી અમેરિકાની ઐતિહાસિક યાત્રા પર પહોંચ્યા હતા. એ વખતે ઈવાન્કાને ભારત આવવા માટે મોદીએ આમંત્રણ આપ્યુ હતુ. ઈવાન્કાએ પણ એ વખતે આમંત્રણ આપવા બદલ મોદીનો આભાર માન્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

## હિંદ છોડો આંદોલનમાંથી પ્રેરણા લઈએ : મોદી

**ભારત છોડો આંદોલનની ૭૫મી વર્ષગાંઠ મનાવાઈ : લોકસભામાં વિશેષ ચર્ચામાં વડાપ્રધાને પણ ભાગ લીધો ગીરીબી, કુપોષણ તેમજ ભ્રષ્ટાચાર સૌથી મોટા પડકારો**



નવીદિલ્હી,તા. ૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે કહ્યું હતું કે, દેશવાસીઓને દુનિયાના દેશો માટે આજની સ્થિતિમાં એવી જ પ્રકારથી પ્રેરણા લેવી જોઈએ જેવી પ્રેરણા ૧૯૪૨ના આંદોલનમાં મળી હતી. ૧૯૪૨ના આંદોલન બાદ ભારતે દુનિયાને પ્રેરિત કરવામાં ભૂમિકા ભજવી હતી. ૧૯૪૨ના ભારત છોડો આંદોલનની આજે ૭૫મી વર્ષગાંઠ પર લોકસભામાં વિશેષ ચર્ચા થઈ હતી જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભાગ લીધો હતો. વડાપ્રધાને કહ્યું હતું કે, ગરીબી, કુપોષણ, ભ્રષ્ટાચાર દેશની સામે સૌથી મોટા પડકાર તરીકે છે. મોદીએ ઉમેર્યું હતું કે, આજે અમે ૨૦૧૭માં છીએ ત્યારે તેઓ આ બાબતને લઈને ઈન્કાર કરી શકે નહીં કે, આજે અમારી પાસે ગાંધી નથી. આજે અમારી પાસે એ વખતની ઉંચાઈ ઉપર લઈ જનાર નેતૃત્વ નથી પરંતુ સવા સો કરોડ દેશવાસીઓની સાથે અમે એવા સ્વપ્નને પૂર્ણ કરી શકવાની સ્થિતિમાં છીએ જે સપના મહાત્મા ગાંધી જેવા મહાન લોકોએ

● અનુસંધાન પાન-૭ પર

## આતંકવાદ ફંડિગ મામલામાં ગિલાનીના પુત્રોની પુછપરછ

**એનઆઇએ દ્વારા કલાકો સુધી પુછપરછ કરાઇ : ગુલાનીનો મોટો પુત્ર નઇમ પ્રોફેશનથી તબીબ છે તેમજ નાનો પુત્ર નસીમ જમ્મુ કાશ્મીર સરકારમાં કર્મચારી છે**

નવી દિલ્હી,તા. ૯

રાષ્ટ્રીય તપાસ સંસ્થા (એનઆઈએ) દ્વારા જમાત ઉદ દાવાના પ્રમુખ હાફિજ સઈદ સાથે જોડાયેલા ત્રાસવાદી ફંડિગના મામલામાં પાકિસ્તાની સમર્થક અને કટ્ટરપંથી નેતા સૈયદ અલી શાહ ગિલાનીના બન્ને પુત્રોની પુછપરછ કરવામાં આવી છે. સત્તાવાર સુત્રોએ આ મુજબની માહિતી આપી છે. બન્ન પુત્રોની કલાકો સુધી પુછપરછ કરવામાં આવી છે. ગિલાનીનો મોટો પુત્ર નિમ પ્રોફેશનની દ્રષ્ટિએ સર્જન છે. જ્યારે નાનો પુત્ર નસીમ જમ્મુ કાશ્મીર સરકારના કર્મચારી તરીકે છે. નઈમ પોતાના પિતા બાદ ા પાકિસ્તાન સમર્થક કટ્ટરપંથી જુથના અલગતાવાદી સંગઠન તહેરીએ હુરિયતના સ્વાભાવિક ઉત્તરાધિકારી તરીકે ગણવામાં આવે છે. સુત્રોએ કહ્યુ છે કે ત્રાસવાદ ફંડિંગના મામલે અહીં ભાઈની પુછપરછ કરવામાં આવી છે. મામલામાં પાકિસ્તાન સ્થિત જમાત ઉદ દાવા અન પ્રતિબંધિત ત્રાસવાદી સંગઠન લશ્કરે તોયબાના નેતા સઈદનુ નામ આરોપી તરીકે છે. એનઆઈએ દ્વારા ૩૦મી મેના દિવસે કેસ દાખલ કરીને ત્રાસવાદી સંગઠનોની સાથે અલગતાવાદી નેતાની મિલિભગત જોવા મળી રહી છે. રાજ્યમાં આતંકવાદી ગતિવિધીના ફંડિગ મામલે તપાસ ચાલી રહી છે. તપાસ સંસ્થાએ થોડાક સમય પહેલા જ હરિયાણાની સાથે રાષ્ટ્રીય પાટનગર દિલ્હી અને અન્ય જગ્યાએ દરોડા પાડ્યા હતા.

## આઠ બળવાખોર ધારાસભ્ય કોંગ્રેસમાંથી બરતરફ

**રાજ્યસભાની ચૂંટણીના એક દિવસ બાદ આક્રમક કાર્યવાહી : શંકરસિંહ વાઘેલા, મહેન્દ્રસિંહ વાઘેલા, રાઘવજી પટેલ, ભોળાભાઇ ગોહિલ, સીકે રાઉલજી, અમિત ચૌધરી, કરમશીભાઇ અને ધર્મેન્દ્રસિંહ સસ્પેન્ડ થયા**

અમદાવાદ,તા. ૯

કોંગ્રેસે આખરે ક્રોસ વોટીંગ કરનાર અને પક્ષના વ્હીપનો અનાદર કરનાર કોંગ્રેસના આઠ બળવાખોર ધારાસભ્યોને છ વર્ષ માટે બરતરફ કરી દેવાયા છે. કોંગ્રેસ પક્ષ દ્વારા પક્ષ સાથે ગદ્દારી કરનાર ધારાસભ્યોને આ શિક્ષાત્મક સજા ફટકારાતાં ગુજરાતના રાજકારણમાં ફરી એકવાર ચકચાર મચી છે. રાજયસભાની ચૂંટણી પૂર્ણ થયા બાદ જ કોંગ્રેસે આક્રમક મિજાજનો પરિચય કરાવી બળવાખોર ધારાસભ્યો સામે શિક્ષાત્મક પગલાં લઈ સપાટો બોલાવ્યો છે. બીજીબાજુ, કોંગ્રેસ પક્ષે હવે આ બાગી આઠ ધારાસભ્યો બીજા કોઈ પક્ષમાંથી પણ ચૂંટણી લડી ના શકે તે માટે જનપ્રતિનિધિ એકટ હેઠળની જરૂરી કાર્યવાહી હાથ ધરવાની તજવીજ કરી છે. કોંગ્રેસ દ્વારા બરતરફ કરાયેલા બળવાખોર ધારાસભ્યોમાં શંકરસિંહ વાઘેલા, તેમના પુત્ર મહેન્દ્રસિંહ વાઘેલા, રાઘવજી પટેલ, ભોળાભાઈ ગોહિલ, સી.કે.રાઉલજી, અમિત ચૌધરી, કરમશીભાઈ પટેલ અને ધર્મેન્દ્રસિંહ જાડેજાનો સમાવેશ થાય છે. ઉલ્લેખનીય છે કે, શંકરસિંહ વાઘેલાએ કોંગ્રેસ પક્ષ સાથે છેડો ફાડયા બાદ છ ધારાસભ્યોએ કોંગ્રેસમાંથી

● અનુસંધાન પાન-૭ પર

### ન્યુઝ ટ્રેક

**ચીનમાં શકિતશાળી ભૂકંપ**




ચીનના દક્ષિણ પશ્ચિમ વિસ્તારના સીચુઆન પ્રાંતમાં સાતની તીવ્રતાવાળો શકિતશાળી ભૂકંપ નોંધાયો હતો. જેમાં ૧૯ના મોત નીપજયા હતા અને ૧૭૫થી વધુ નાગરિકો ઈજાગ્રસ્ત બન્યા હતા. મૃત્યુ આંક હજુ પણ વધી શકે છે.

**ત્રાલમાં ત્રણ આતંકી ઠાર**

દક્ષિણ કાશ્મીરના ત્રાલ વિસ્તારમાં સુરક્ષાદળોએ પાંચ આતંકીઓને ઘેરી લીધા હતા. ચાર કલાક ચાલેલા સામ સામેના ગોળીબારમાં ચાર આંતકીઓ ઠાર કરાયા હતા.

**દલાઈલામા ભારત-ચીનની મિત્રતા ઈચ્છે છે**



તીબેટના આધ્યાત્મિક ગુરુ દલાઈલામાએ દિલ્હી ખાતેના એક કાર્યક્રમમાં જણાવ્યું હતું કે હિન્દી-ચીન ભાઈ ભાઈની ભાવનાથી જ વિવાદ સમાપ્ત થશે. ડોકલામ મામલે તોડ મરોડ થાય છે. વિવાદ બંધ કરી સંવાદની આવશ્યકતા છે.





ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

